



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૭૨ | ૩૧ ઓગસ્ટ, ૨૦૧૮, શુક્રવાર; શ્રાવણ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# નોટબંધી ફલોપ શો : રાહુલ

## ૧૫-૨૦ ઉદ્યોગપતિઓને લાભ પહોંચાડવા આડેધડ નિર્ણય થયો હતો : પત્રકાર પરિષદમાં રાહુલ ગાંધીના મોદી પર આકરા પ્રહાર

નવીદિલ્હી, તા. ૩૦

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે નોટબંધી અને રાફેલ ડિલને લઈને મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ નોટબંધી બાદ આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, નોટબંધી જાણી જોઈને ગરીબોના પગ પર કુહાડો મારવાના હેતુસર લાગૂ કરવામાં આવી હતી. નોટબંધીને ફલોપશો તરીકે ગણાવીને રાહુલે મોદી સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, મોદીએ પોતાના ૧૫-૨૦ ઉદ્યોગપતિઓને લાભ પહોંચાડવાના હેતુસર દેશના યુવાનો, મહિલાઓ, ખેડૂતો અને નાના કારોબારીઓના ખિસ્સામાંથી



પૈસા ઉપાડી લીધા હતા. રાહુલે કહ્યું હતુ કે, રાફેલ ડિલને લઈને નાણામંત્રી અરુણ જેટલી પ્રશ્નો કરી રહ્યા છે જ્યારે સંયુક્ત સંસદીય સમિતિ બનાવવાને લઈને જેટલી મૌન રહ્યા છે. દેશના લોકો જાણવા માંગે છે કે, નરેન્દ્ર મોદી અને અનિલ અંબાણી વચ્ચે કયા પ્રકરની સમજૂતિ થઈ છે.

રાહુલે ઉમેર્યુ હતું કે, નોટબંધી દરમિયાન વડાપ્રધાને જાહેરાત કરી હતી કે, કાળા નાણા, ટેરર ફંડિંગ અને બોગસ નોટોની સમસ્યાનો અંત આવી જશે પરંતુ આવું કંઈ પણ થયું નથી. રાહુલે ઉમેર્યુ હતું કે, તેઓ ભારતના કારોબારીઓ અને યુવાનોને કહેવા માંગે છે કે, મોદીએ નોટબંધી કેમ કરી હતી. તેમણે પોતાના ૧૫થી ૨૦ ઉદ્યોગપતિઓની પાસે નોનપર્ફોર્મિંગ એસેટના મામલે આ નિર્ણય લીધો હતો. મોદીએ દેશની પ્રજાના પૈસા લઈને સીધીરીતે ભારતમાં સૌથી મોટા ક્રોનિક મૂડીવાદીના ખિસ્સામાં પૈસા મુકી દીધા હતા. રાહુલે કહ્યું હતું કે, નોટબંધી મોટા કારોબારીઓને રસ્તો આપવાના હેતુસર કરવામાં આવી હતી.

## ન્યુઝ ટ્રેક

### વિકાસકાર્યોની રકમ વાપરવામાં સાંસદો કંજૂસ

સાંસદોની આળસના કારણે સામાન્ય લોકોના વિકાસ માટે ખર્ચવાની લગભગ ૧૨૦૦૦ કરોડની કાંતો વપરાઈ નથી અથવા તો ફસાયેલી છે. લોકસભા અને રાજ્યસભાના સાંસદો પોતાની રકમના લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયા વાપરી જ નથી શકયા. તેના લીધે લગભગ ૭૦૦૦ કરોડનો આગલો હપ્તો નથી અપાયો.

### આરબીઆઈ ૨૦૦૦ની નોટોના સર્ક્યુલેશનમાં કાપ મૂકશે..!!

આરબીઆઈ મોટા મૂલ્યની નોટોની જમાખોરી પર લગામ લેવા માટે રૂ.૨૦૦૦ની નોટોનો સર્ક્યુલેશનમાં કાપ મૂકી રહી છે. આંકડા પરથી એવું જણાય છે કે દેશમાં ચલણમાં કુલ નોટોમાં રૂ.૨૦૦૦ની નોટોનો રેશિયો ૫૦ ટકાથી ૩૭ ટકા પર આવી ગયો છે. રૂ.૨૦૦૦ની નોટોની સંખ્યા ૩૫૦ કરોડથી ઘટી ૧૫.૧ કરોડ પર આવી ગઈ છે.

### મંદિરોના પૂજાપામાંથી ખાતર અને અગરબત્તી બનાવાશે

અમદાવાદ શહેરની સ્વચ્છતામાં વૃદ્ધિ કરવાની સાથે મંદિરોના પુજાપાને એકત્ર કરીને તેમાંથી ખાતર અને અગરબત્તી બનાવવાના પ્રોજેક્ટનો આજે તંત્ર દ્વારા પ્રારંભ કરાયો છે. શરૂઆતનાં તબક્કામાં નવા પશ્ચિમ ઝોન અને પશ્ચિમ ઝોનના વસ્ત્રાપુર કલ્યાણ પુષ્ટિ હવેલી, ગુરુકુળ સ્વામિનારાયણ મંદિર ઈસ્કોન મંદિર વગેરે પચાસેક મંદિરનાં પુજાપાને એકત્ર કરાશે.

### ડિઝલમાં ૧૨ પૈસા અને પેટ્રોલમાં ૧૮ પૈસાનો વધારો

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં સતત વધારો થઈ રહ્યો છે. ગુરુવારે પણ ઈંધણના ભાવમાં વધારો જોવા મળ્યો હતો. આ ભાવ વધારા પછી દિલ્હીમાં ડીઝલનો ભાવ એક વર્ષની સૌથી ઉંચી સપાટીએ પહોંચી ગયો હતો. પેટ્રોલનો ભાવ પણ નેશનલ કેપિટલ રીજન (દ્રઝઈ)માં લિટર દીઠ રૂ. ૭૮.૩૦ની સપાટીએ પહોંચી ગયો છે.ગુરુવારે પેટ્રોલની કિંમતમાં ૧૨ પૈસાનો વધારો થયો હતો. આ વધારા પછી દિલ્હી એનસીઆરમાં પેટ્રોલનો લીટર દીઠ ભાવ રૂ. ૭૮.૩૦ની સપાટીએ પહોંચી ગયો હતો.

# રૂપિયો વધુ ગગડ્યો

## ડોલરની તુલનાએ રૂપિયો ૨૩ પૈસા નબળો

ન્યુ દિલ્હી,તા.૩૦

ડોલર સામે રૂપિયામાં સતત ધોવાણ ચાલુ રહ્યું છે. ગુરુવારે ફોરેક્સ માર્કેટમાં શરૂઆતના કામકાજમાં રૂપિયો ડોલર સામે વધુ ૨૩ પૈસા ગગડીને ૭૦.૮૨ના ઐતિહાસિક તળિયે પહોંચ્યો હતો. રિઝર્વ બેંકે ચાલુ વર્ષે એનપીએમાં વૃદ્ધિ થવાની આગાહી કરી હોવાથી તેની પ્રતિકૂળ અસરો પાછળ રૂપિયામાં રકાસ જોવા મળ્યો હતો. આ ઉપરાંત યુએસ ફેડરલ રિઝર્વ ચાલુ વર્ષે ધીમી ગતિએ ફેડ રેટમાં વધારો કરવાની જાહેરાત કરી હતી જેને પગલે વૈશ્વિક બજારોમાં ઉથલમાથલ જોવા મળી રહી છે. ઉભરતા બજારોમાંથી રોકાણ પરત ખેંચાઈ રહ્યું છે અને વિકાસશીલ દેશો તરફ રોકાણકારોએ મિટ માંડી છે.

# પોસ્ટ ઓફિસોમાં બેંક સેવાનો પ્રારંભ

અમદાવાદ, તા.૩૦

અમદાવાદ શહેરની ૩૨થી વધારે પોસ્ટ ઓફિસ તા.૧લી સપ્ટેમ્બર શનિવારથી ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક (આઈપીપીબી) બની જશે. જેને પગલે હવે શહેરની આ ૩૨થી વધુ પોસ્ટ ઓફિસમાં બેન્ક સેવી તમામ અને ત્વરિત સેવાઓ નગરજનોને ઉપલબ્ધ બનશે. જેમાં ખાસ કરીને વૃધ્ધજનો અને સિનિયર સીટીઝન્સને ઘેરબેઠા સેવા મળશે, તો, પોસ્ટમેન ઘરઆંગણે નાગરિકોને પોસ્ટ બેંક જેવું સેવિંગ્સ એકાઉન્ટ ખોલી આપશે. શહેરમાં નવરંગપુરા મેઈન જીપીઓ મણિનગર, બોપલ, નારણપુરા, આંબાવાડી સહિતની ૩૨થી વધુ પોસ્ટ ઓફિસ માટેની આઈપીપીબી માટેનું લોન્ચિંગ મુખ્યપ્રધાન વિજય રૂપાણીના હસ્તે શનિવારે કરાશે.

અમદાવાદ શહેરમાં મુખ્ય પોસ્ટ ઓફિસ સહિત કેટલીક સબ ઓફિસની પણ બેન્કિંગ સિસ્ટમ માટે પસંદગી કરાઈ છે. પ્રારંભિક ધોરણે શહેરમાં ૩૨થી વધુ પોસ્ટ ઓફિસમાં બેન્કિંગ શરૂ કરાશે.






# ગુજરાતની સરિતાને સુવર્ણ ચંદ્રક

## એશિયન ગેમ્સમાં ડાંગની સરિતા ગાયકવાડ અને જેન્સન જોન્સને ગોલ્ડ મેડલ અપાવ્યો

જાકાર્તા,તા.૩૦

ગુજરાતના ડાંગ વિસ્તારની દીકરી સરિતા ગાયકવાડે એશિયન ગેમ્સમાં ૪/૪૦૦ મીટર રીલે દોડમાં વિજેતાપદ પ્રાપ્ત કરીને ભારતને ૧૩મો ગોલ્ડ મેડલ અપાવ્યો છે.

એશિયન ગેમ્સમાં ભારતનો જોરદાર દેખાવ ૧૨માં દિવસે પણ જારી રહ્યો હતો. ભારતીય એથ્લિટોએ શાનદાર પ્રદર્શન જારી રાખ્યું છે. ભારતે એથ્લેટિક્સમાં બીજા બે ગોલ્ડ સહિત પાંચ ચંદ્રકો જીત્યા હતા. ભારત તરફથી જિન્સાના જહોન્સાને પુરુષોમાં



૧૫૦૦ મીટર દોડમાં ગોલ્ડ મેડલ જીત્યો તો જ્યારે ૪૮૪૦૦ મીટર દોડમાં મહિલાએ પાંચમી વખત ભારતને સુવર્ણ ચંદ્રક અપાવ્યો હતો. પીયુ ચિત્રાએ મિલાઓની ૧૫૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ જીત્યો તો જ્યારે પુરુષોની ૪૮૪૦૦ રિલે ટીમમાં સિલ્વર ઉપર કબજો જમાવ્યો હતો. આ ઉપરાંત ડિસકસ થ્રોમાં સીમા પુણિયાએ ભારતને બ્રોન્ઝ જીતાડવામાં સફળતા મેળવી હતી. આજે ૧૫૦૦ મીટર દોડમાં જિન્સને ૩.૪૪.૭૨નો સમય કાઢીને ગોલ્ડ જીતવામાં સફળતા મેળવી હતી. ૮૦૦ મીટરમાં ગોલ્ડ જીતનાર ભારતના મનજીત પાસેથી પણ આશા હતી પરંતુ તે ચોથા સ્થાને રહ્યો હતો. ભારતીય ટીમનો દેખાવ શાનદાર રહ્યો છે. પુરુષોની હોકી ટીમને નિરાશા હાથ લાગી હતી. સેમિફાઈનલમાં મલેશિયા સામે ૬-૭થી તેની હાર થઈ હતી. ભારત ટીમને હજુ કાંસ્ય ચંદ્રક જીતવાની તક છે. અગાઉ ૧૧માં દિવસે ભારતનો દિવસ રહ્યો હતો. ટ્રેક એન્ડ ફિલ્ડ ઈવેન્ટમાં ભારતે એક પછી એક બે ગોલ્ડ મેડલ જીતી લીધા હતા. પ્રથમ ગોલ્ડ પંજાબના એથ્લિટ અપરિન્દરસિંહે ત્રિપલ જંપમાં જીત્યો હતો.

## શ્રદ્ધાંજલિ



### સ્વ. ડો. અરૂણભાઈ બી. વ્યાસા

આપની અણધારી વિદાયથી અમે આઘાતની લાગણી અનુભવીએ છીએ... ખેલકૂદ અંગેનું આપનું અમૂલ્ય યોગદાન ક્યારેય નહીં ભૂલાય. ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ સહ આપના પાવન આત્માને શત્ શત્ નમન...

### ગાંધીનગર જિલ્લા માસ્ટર્સ એથ્લેટીક્સ એસોસિએશન

| | | |
|---|---|---|
| દિનેશસિંહ ચાવડા<br>પ્રમુખ | દશરથસિંહ ચૌહાણ<br>માનદ્મંત્રી | ઘનશ્યામભાઈ ડી. પટેલ<br>ઉપપ્રમુખ |
| કે. કે. પટેલ<br>ઉપપ્રમુખ | કિશોરસિંહ ગોહિલ<br>ખજાનચી | એમ. પી. મહેતા<br>સહમંત્રી |

-------● કારોબારી સભ્યો તથા હિતેચ્છુઓ ●-------

| | |
|---|---|
| ચંદ્રસિંહ અટોદરીયા | ભાવેશ એરડા |
| અરવિંદ આર. ક્રિશ્ચન | ગિરીશ ગઢવી |
| એમ. બી. કટારા | તરાલ ભગવાનભાઈ |
| મનુભાઈ એ. પટેલ | અમીન પી. રાણીકા |
| ઈન્દુમતિબેન નિમાવત | કિર્તિબેન એમ. મહેતા |




## જાહેરાત

કડવા પાટીદાર સમાજ ગાંધીનગરની સંસ્થા તમામ લાભ મેળવવા માટે સભ્યપદ મેળવવું ફરજિયાત છે, તો શહેર અને ગુડા વિસ્તારની સોસાયટીના તમામ પરિવારોને ફોર્મ સાથે રૂ. ૫૧૧/- તાત્કાલિક ભરી આજીવન સભ્યપદ તા. ૩૧-૧૨-૨૦૧૮ સુધીમાં મેળવી લેવા નમ્ર વિનંતી છે.

ભરતભાઈ બી. પટેલ, પ્રમુખ — ભોળાભાઈ આઈ. પટેલ, મહામંત્રી


## હાર્દિક અભિનંદન



**શ્રી કરણસિંહ બી. વાઘેલા**
(એડવોકેટ)
ચેરમેનશ્રી, એક્ઝીક્યુટીવ કમિટિ
બાર કાઉન્સિલ ઓફ ગુજરાત



**શ્રી શંકરસિંહ એસ. ગોહિલ**
(એડવોકેટ)
ચેરમેનશ્રી, રૂલ્સ કમિટિ
બાર કાઉન્સિલ ઓફ ગુજરાત

વકીલોની માતૃ સંસ્થા બાર કાઉન્સિલ ઓફ ગુજરાત - ૨૦૧૮ના ઈલેકશનમાં જંગી બહુમતિથી સભ્ય તરીકે ચૂંટાઈને હાલમાં આપ બંને ચેરમેનશ્રી, એકઝુક્યુટીવ કમિટિ તેમજ રૂલ્સ કમિટિ બીસીજીમાં બિનહરીફ સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા બદલ લાખ - લાખ અભિનંદન. આપ બંનેએ ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધારે છે અને આપ બંને ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરો તેવી હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

### શુભેચ્છકો

**ગાંધીનગર કોર્ટ એડવોકેટ મિત્રો**

| | | |
|---|---|---|
| એ. વી. રાઠોડ | પી. બી. રાઠોડ | પી. બી. ગોહિલ |
| રાજેન્દ્રસિંહ બિહોલા | રાજેન્દ્રસિંહ રાઓલ | ગજેન્દ્રસિંહ કે. રાણા |
| મુકેન્દ્રસિંહ રાઠોડ | બળવંતસિંહ ગોહિલ | શામલસિંહ વાઘેલા |
| દિલીપસિંહ ચાવડા | સ્વરૂપસિંહ વાઘેલા | લાલસિંહ બિહોલા |
| ધર્મેન્દ્રસિંહ વાઘેલા | પ્રણવસિંહ વાઘેલા | વિરેન્દ્રસિંહ ગોહિલ |
| | અજયપાલસિંહ મોઠાણ | |




Kalpesh Astro Services

Kalpesh Upadhyay
Jyotir- Gyata, Jyotir Bhusan(HNGU)

Astrology | Numerology | Match Making | Vastu Consultant

Your Life Need Positive Changes......
સમય ને પરખો તક ને ઝડપો
Scientific Solutions
Just Call and Hear from our Side

kalpeshastrologer — kalpeshastro.com — Kalpesh Upadhyay

+91 88666 50725
kalpeshupadhyay41@yahoo.in
321, Akshar Arcade, Opp Memnagar Fire Station Navrangpura Ahmedabad

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## બાળકોને પ્રોત્સાહિત કરીએ...

તમારી આસપાસની દરેક જગ્યાને ગ્રીન મીત્રો (પ્લાન્ટ્સ)થી સજાવીને શુદ્ધ હવા, આંખને ઠંડક, મનમાં પોઝીટીવીટી અને સ્ટ્રેસ વગરનું નેચરલ વાતાવરણ ઉભુ કરીએ...

દરેક શુભપ્રસંગે મીની પ્લાન્ટ ગીફ્ટ આપીએ...






પ્લોટ નં. ૧૨૪૨/૧, સેક્ટર-૭/ડી, ગાંધીનગર. મો. 98248 33440
Email : bindidave75@gmail.com

બોનસાઈ, મીનીએચર ગાર્ડન (ટ્રે ગાર્ડન), ડેકોરેટીવ પ્લાન્ટ્સ, સીરામીક પોટ, ડેકોરેટીવ સ્ટોન, ખાતર અને દવા. બાલ્કની, કોર્ટીયાર્ડ અને લેન્ડસ્કેપીંગ માટે સંપર્ક કરો.